પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૩૩ | ૨૩ જુલાઈ, ૨૦૧૭, રવિવાર ; અષાઢ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યમાં અનરાધાર વરસાદ

## સૌરાષ્ટ્રમાં પુર જેવી પરિસ્થિતિ સર્જાઈ : ચોટીલા ખાતે ૧૬ ઇંચ : મોરબી-વાંકાનેરમાં તો અવકાશી આફત વરસી
## ૧૯૭૯માં મચ્છુ હોનારત વખતે આવ્યું હતું, તેટલુ પાણી આવતા લોકો ફફડી ઉઠયા : તંત્ર સંપૂર્ણ સજ્જ

### ગુજરાત પાણીમાં તરબોળ

- લીંબડી-ભાવનગર હાઇવે ઉપર પાણી ફરી વળ્યા છે
- વીંછીયાના ધારૈય ડેમ ઓવરફલો
- ચોટીલાના નવા ગામે ગર્ભવતી મહિલાને બચાવાઇ
- લીંબડીના ઉંટડી ગામે પણ આઠથી વધુ લોકોને બચાવાયા
- માળિયા મોરબી-કચ્છ હાઇવે પર ૫૦થી વધુ લોકોને બચાવાયા
- ધંધુકાના મેલડીમાતા મંદિર પાસે ૨૫ જણાં ફસાયા
- ગાંભોઇ નજીક ખાનગી બસ પલ્ટી ખાતાં ત્રણના મોત
- રાજ્યમાં ભારે વરસાદની આગાહી વચ્ચે તંત્ર સાબદુ
- સૌરાષ્ટ્ર તરફ જતી તમામ એસટી બસ ટ્રીપો રદ થઇ



અમદાવાદ, તા.૨૨

અમદાવાદ સહિત રાજયભરમાં આજે મેઘરાજાએ તેમનું રૌદ્ર સ્વરૂપ બતાવી જબરદસ્ત મેઘતાંડવ સર્જયું હતું. આજે સૌરાષ્ટ્ર પંથકના વિસ્તારોમાં શ્રીકાર વર્ષા સાથે બારે મેઘ ખાંગા થયા હતા. ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી સહિતના પંથકોમાં તો જાણે આભ ફાટયું હતું. ચોટીલામાં ફરી એકવાર ૧૬ ઇંચ વરસાદ સાથે આભ ફાટવા સાથે સૌરાષ્ટ્રના અનેક પંથકોમાં આજે મેઘરાજાનું રૌદ્રસ્વરૂપ જોવા મળ્યું હતુ, જેના કારણે ઠેર-ઠેર સર્વત્ર જળપ્રલય સર્જાયો હતો. સેંકડો લોકો ફસાયા હતા, જેઓને કલાકોની ભારે જહેમત બાદ બચાવી લેવાયા હતા, તો દસ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાવાયું હતું. જો કે, તેમછતાં આજે રાજયમાં વરસાદી અતિવૃષ્ટિમાં ત્રણથી વધુના મોત નીપજયા હતા. એનડીઆરએફ, એસડીઆરએફ, ફાયરબ્રિગેડ, સહિતની બચાવ ટીમો સતત કાર્યરત રહી હતી તો, કેટલાક પૂરગ્રસ્ત વિસ્તારોમાં તો, એરફોર્સની મદદ લઇ હેલિકોપ્ટની મદદથી પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બચાવાયા હતા. રાજયમાં આજે સૌથી વધુ રેસ્કયુ ઓપરેશન સૌરાષ્ટ્રમાં મોરબી, વાંકાનેર, સુરેન્દ્રનગર, લીંબડી, માળીયામીયાંણા, મચ્છુ આસપાસના ગામો સહિતના વિસ્તારોમાં આજે હાથ ધરાયા હતા.સૌથી નોંધનીય વાત એ હતી કે, આ વખતે મોરબીના મચ્છુ-૧, ૨ અને ૩માં વર્ષો પહેલાં મોરબી હોનારત વખતે જેટલું પાણી આવ્યું હતું તેટલું પાણી આ વર્ષે આવ્યું હોવાછતાં આ વખતે અગાઉ જેવી મોટી હોનારત સર્જાઇ ન હતી. અલબત્ત, અતિ ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર અને બચાવ ટીમોને પહેલેથી જ સાબદા રખાયા હોવાથી તેની કંઇક અંશે રાહત મળી હતી. રાજયના ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, કચ્છ સહિતના રાજયના મોટાભાગના વિસ્તારો અને પંથકોમાં પણ સાર્વત્રિક સારો વરસાદ નોંધાયો છે. હજુ પણ ત્રણ દિવસ સુધી રાજયમાં ભારેથી અતિ ભારે

● અનુસંધાન પાના - ૭ પર




### ભારત અને ઈંગ્લન્ડ વચ્ચે આજે મહિલા વિશ્વ કપ ફાઈનલ

લોર્ડસ,તા. ૨૨

લોર્ડસના ઐતિહાસિક મેદાન ખાતે આવતીકાલે રવિવારે મહિલા વિશ્વ કપની ફાઈનલ મેચમાં ભારતીય ટીમ યજમાન ઈંગ્લેન્ડ સામે ટકરાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ઈંગ્લેન્ડને મજબુત ઈરાદા સાથે પડકાર ફેંકવા માટે ટીમ ઈન્ડિયા તૈયાર છે. ૧૨ વર્ષના લાંબા ગાળા બાદ ફાઈનલમાં ભારતીય ટીમ પ્રથમ તાજ માટે રમનાર છે.

### નીતિશકુમાર રાહુલને મળ્યા

નવી દિલ્હી,તા. ૨૨

બિહારમાં મહાગઠબંધનામાં વિવાદ વચ્ચે મુખ્યપ્રધાન નીતિશ કુમાર આજે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીને મળ્યા હતા. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં તેમની વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં જુદા જુદા પાસા પર વિચારણા કરવામાં આવી હતી. નીતિશ કુમારે કોંગ્રેસના નાયબ અધ્યક્ષના તગલુક લેન સ્થિત આવાસ પર બેઠક કરી હતી. બન્ને નેતાઓએ બિહારના નાયબ મુખ્યપ્રધાન તેજસ્વી યાદવ પર મુકવામાં આવેલા ભ્રષ્ટાચારના આક્ષેપો પર ચર્ચા કરી હતી.

### મુંબઈમાં ભારે વરસાદ

મુંબઈમાં અતિ ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. શહેરના અનેક નિચાણવાળા વિસ્તારોમાં સતત વરસાદના કારણે મુશ્કેલી સર્જાઈ ગઈ છે. આજે સવારથી જ ટ્રાફિકજામની સ્થિતિ જોવા મળી હતી. વેસ્ટર્ન, હાર્બર અને સેન્ટ્રલ લાઈનની લોકલ ટ્રેનમાં લોકોને મુશ્કેલી નડી હતી. આ તમામ લાઈનની લોકલ ટ્રેનમાં નિર્ધારિત સમય કરતા વધારે સમય સુધી લોકોને રાહ જોવાની ફરજ પડી હતી. આ લાઈન ઉપર કેટલીક ટ્રેનો વધુ મોડેથી દોડી રહી છે.




આપની ડીસીબી ફિક્સ્ડ ડિપોઝિટ પર આકર્ષક વળતર મેળવો.

ડીસીબી ફિક્સ્ડ ડિપોઝિટની શરૂઆતની રકમ જેટલા જ મૂલ્યનું નિઃશુલ્ક જીવન વીમા કવચ મેળવો.

ડીસીબી સુરક્ષા ફિક્સ્ડ ડિપોઝિટ શરૂ કરવા માટે ફક્ત ૭૦૯૭૨૯૯૦૪૩ પર મિસ કોલ આપો

ડીસીબી બૅન્ક
પ્લોટ નં. ૪૩૯, સેક્ટર - ૧૬
ઘ રોડ, ગાંધીનગર - ૩૮૨૦૧૬
કોલ: ૯૮૨૫૫૪૨૦૨૬ / ૯૮૨૫૯૭૪૧૦૦

DCB BANK

નિયમો અને શરતો લાગુ

DCB Bank Limited

સરકારી ભરતી પરીક્ષા માટે
English+Maths
નિયમો ગોખ્યા વગર English ગ્રામર & સુત્રો/શોર્ટકટ ગોખ્યા વગર ગણિત કેવી રીતે? અને એ પણ ટુંક સમયમાં જ (બેઝીક શીખીને)
જો તમને વાંચતા નથી આવડતું તો પણ ચિંતા ન કરો. (ન આવડે તો ફી પાછીની શરતે)
3 Demo 11:30 am 25-07-17 (મંગળ) થી
ચેતન સોની (B.E.) ૧૩ વર્ષના અનુભવી
૧૦૧, મેઈન શોપીંગ, પોસ્ટ ઓફીસની સામે, (આસ્થા) સેક્ટર-૨૨, ગાંધીનગર
M.70164 67164

સંપૂર્ણ આયુર્વેદિક પદ્ધતિ દ્વારા કોઈપણ જાતની આડઅસર વગર
વજન ઘટાડો
ખાસ અનુભવી વૈદ્યરાજ દ્વારા ઘરેબેઠા સારવાર, ઘટ્યા પછી વધે નહી તેની ૧૦૦ ટકા ગેરંટી
મેદસ્વીતા (ચરબી) ઘટતા ઘૂંટણ દર્દ, ડાયાબીટીસ, હૃદયરોગ, કેન્સર જેવા ભયંકર રોગોમાંથી મુક્તિ મેળવી અને ફરી સુંદર રૂપ ધારણ કરવા સંપર્ક કરો.
નંદુભાઈ વૈદ્ય (મો. : ૮૪૦૧૪૩૩૭૧૮)


RAJVEE
FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in